T-20 વર્લ્ડકપ
આજની મેચ
ઇંગ્લેન્ડ v/s ન્યૂઝીલેન્ડ
સમયઃ સાંજે 7.00 વાગ્યે, સ્થળઃ કોલંબો

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
સ્પોર્ટ્સ લાઇન


# ભારતે હાલના ટી-20 વર્લ્ડકપનો સર્વાધિક સ્કોર બનાવ્યો

**ઝિમ્બાબ્વે** સામે અભિષેક અને હાર્દિકની અર્ધસદી તેમજ તિલક, સૂર્યાની ઇનિંગથી ભારતે ચાર વિકેટે 256 રન બનાવ્યા

**ભારતે** હાલની ટૂર્નામેન્ટનો સર્વાધિક અને ટી-20 વર્લ્ડકપના ઇતિહાસનો બીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો







ચેન્નાઈ, તા. 26 (પીટીઆઇ) : હાર્દિક પંડ્યા અને ઓપનર અભિષેક શર્માની અડધી સદીની મદદથી ભારતે ગુરુવારે અહીં ટી-20 વર્લ્ડકપના સુપર આઠ મેચમાં ઝિમ્બાબ્વે સામે ચાર વિકેટે 256 રન બનાવ્યા, જે ટુર્નામેન્ટના ઈતિહાસમાં બીજો સૌથી મોટો સ્કોર અને વર્તમાન ટુર્નામેન્ટમાં સૌથી મોટો સ્કોર છે.

ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો, ત્યારબાદ ભારતે પાવર પ્લેમાં એક વિકેટે 80 રન બનાવીને સારી શરૂઆત કરી હતી. ફોર્મમાં પાછા ફરેલા અભિષેકે 30 બોલમાં ચાર છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી 55 રન બનાવ્યા અને 24 રન કરનારા સંજુ સેમસન સાથે પ્રથમ વિકેટ માટે 48 તેમજ 38 રન કરનારા ઈશાન કિશન સાથે બીજી વિકેટ માટે 72 રનની ભાગીદારી કરી ભારતને મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડ્યું. કેપ્ટન સૂર્યકુમાર યાદવે પણ 33 ઉપયોગી ઈનિંગ રમી. હાર્દિકે 23 બોલમાં ચાર છગ્ગા અને બે ચોગ્ગાની મદદથી નોટઆઉટ 50 રન બનાવ્યા અને તિલક વર્મા 16 બોલમાં ચાર છગ્ગા, ત્રણ ચોગ્ગા સાથે 44 રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. હાર્દિક-તિલકે પાંચમી વિકેટ માટે 31 બોલમાં 84 રનની નોટઆઉટ ભાગીદારી કરીને ટીમને 250 રનને પાર પહોંચાડી હતી. ઝિમ્બાબ્વેના બધા બોલરો મોંઘા રહ્યા હતા. બ્લેસિંગ મુઝારાબાનીએ ચાર ઓવરમાં 62 રન આપ્યા અને એક વિકેટ લીધી. બ્રેડ ઈવાન્સે ચાર ઓવરમાં 52 રન આપ્યા હતા.

### ઝિમ્બાબ્વે સામેની ભારતની ઇનિંગ દરમિયાનના કેટલાક રસપ્રદ આંકડા

**17** છગ્ગા ઝિમ્બાબ્વે સામે ભારતે પોતાની ઇનિંગમાં ફટકારીને પોતાનો જ રેકોર્ડ સુધાર્યો હતો. આ પહેલા ભારતે 2024માં ગ્રોસ આઇલેટ ખાતે ઓસ્ટ્રેલિયા સામે એક ઇનિંગમાં 15 છગ્ગા ફટકારીને રેકોર્ડ બનાવ્યો હતો.

**63** છગ્ગા ભારતે આ વર્લ્ડકપમાં અત્યાર સુધીમાં ફટકાર્યા છે, જે ટુર્નામેન્ટના એક જ આવૃત્તિમાં તેમના સૌથી વધુ છગ્ગા છે.

**61** છગ્ગા ભારતે 2024ના ટી-20 વર્લ્ડકપમાં ફટકાર્યા હતા. આ આવૃત્તિમાં ફક્ત વેસ્ટ ઈન્ડિઝના 66 છગ્ગા કોઈપણ ટીમ માટે વધુ રહ્યા છે.

**150**+ સ્ટ્રાઇક રેટથી ભારતના છ બેટ્સમેનોમાંના દરેકે રન બનાવ્યા, જે ટી-20 વર્લ્ડકપની કોઈ ઇનિંગનો પહેલો પ્રસંગ બન્યો જ્યાં ૧૫૦+ સ્ટ્રાઇક રેટથી ઓછામાં ઓછા ૨૦+ રન બન્યા.

**26** ડોટ બોલ ભારતની આજની ઇનિંગમાં ફેંકાયા હતા. ટી-20 વર્લ્ડકપમાં 20 ઓવરની સંપૂર્ણ ઇનિંગમાં આ સૌથી ઓછા ડોટ બોલ છે.

### ભારતે ટી-20 વર્લ્ડકપના ઇતિહાસનો બીજો સૌથી મોટો સ્કોરનો વેસ્ટઇન્ડિઝનો રેકોર્ડ તોડ્યો

ચેન્નાઇ, તા. 26 : ઝિમ્બાબ્વે સામેની આજની સુપર એઇટની મેચમાં ચેન્નાઇ ખાતે ભારતીય ટીમે ચાર વિકેટે 256 રન બનાવીને ટી-20 વર્લ્ડકપના ઇતિહાસમાં બીજો સૌથી મોટો સ્કોરનો ત્રણ દિવસ પહેલા વેસ્ટઇન્ડિઝે બનાવેલો રેકોર્ડ તોડ્યો હતો. ભારત શ્રીલંકાના સર્વાધિક 6 વિકેટે 260 રનના સ્કોરથી માત્ર ચાર રન છેટું રહી ગયું હતું. શ્રીલંકાએ 2007ના વર્લ્ડકપમાં કેન્યા સામે આ રેકોર્ડ સ્કોર કર્યો હતો. વેસ્ટઇન્ડિઝે સોમવારે મુંબઇમાં ઝિમ્બાબ્વે સામે છ વિકેટે 254 રન બનાવ્યા હતા. આ સાથે જ હાલના વર્લ્ડકપમાં સર્વાધિક સ્કોરનો રેકોર્ડ પણ ભારતે પોતાના નામે કર્યો હતો. હાલના વર્લ્ડકપમાં વેસ્ટઇન્ડિઝે છ વિકેટે 254 રન ઉપરાંત આયર્લેન્ડે ઓમાન સામે કોલંબોમાં બનાવેલા પાંચ વિકેટે 235 રન પણ સર્વાધિક સ્કોરમાં સામેલ છે.

#### ટી-20 વર્લ્ડકપમાં સર્વાધિક ટીમ સ્કોરના રેકોર્ડ

| ટીમ | હરીફ ટીમ | સ્થળ | સ્કોર | વર્ષ |
|---|---|---|---|---|
| શ્રીલંકા | કેન્યા | જોહનીસબર્ગ | 260/6 | 2007 |
| ભારત | ઝિમ્બાબ્વે | ચેન્નાઇ | 256/4 | 2026 |
| વેસ્ટઇન્ડિઝ | ઝિમ્બાબ્વે | મુંબઇ | 254/6 | 2026 |
| આયર્લેન્ડ | ઓમાન | કોલંબો | 235/5 | 2026 |
| ઇંગ્લેન્ડ | દ. આફ્રિકા | મુંબઇ | 230/8 | 2016 |

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન કો.બર્લ બો.મુઝરબાની | 24 | 15 | 1 | 2 |
| અભિષેક કો,રઝા બો.મપોસા | 55 | 30 | 4 | 4 |
| ઇશાન કો.એન્ગ્રાવા બો.રઝા | 38 | 24 | 4 | 1 |
| સૂર્યા કો.મુસેકિવા બો.એન્ગ્રાવા | 33 | 13 | 3 | 2 |
| હાર્દિક નોટઆઉટ | 50 | 23 | 2 | 4 |
| તિલક નોટઆઉટ | 44 | 16 | 3 | 4 |
| વધારાના | 12 | | | |
| કુલ (20 ઓવરમાં ચાર વિકેટે) | 256 | | | |

વિકેટપતન : 1/48, 2/120, 3/150, 4/172

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| રિચાર્ડ એન્ગ્રાવા | 4 | 0 | 62 | 1 |
| બ્લેસિંગ મુઝરબાની | 4 | 0 | 43 | 1 |
| ટીનોટેન્ડા મપોસા | 2 | 0 | 40 | 1 |
| બ્રાડ ઇવાન્સ | 4 | 0 | 52 | 0 |
| સિકંદર રઝા | 3 | 0 | 29 | 1 |
| બ્રાયન બેનેટ | 2 | 0 | 16 | 0 |
| રાયન બર્લ | 1 | 0 | 10 | 0 |



## રણજી ફાઇનલ : નબીની ત્રણ વિકેટથી જમ્મુ-કાશ્મીરની મજબૂત પકડ

**જમ્મુ**-કાશ્મીર પ્રથમ દાવમાં 584 રને ઓલઆઉટ થયું, નબીની ત્રણ વિકેટથી કર્ણાટકનો સ્કોર પાંચ વિકેટે 220 રન, મયંક અગ્રવાલની સદી

હુબલી, તા. 26 (પીટીઆઈ) : ઝડપી બોલર આકિબ નબીએ કર્ણાટકના ટોચના ક્રમને ધ્વસ્ત કરતાં જમ્મુ અને કાશ્મીરે ઐતિહાસિક રણજી ટ્રોફી ટાઇટલ જીતવા તરફ એક પગલું આગળ વધાર્યું હતું. આજે ગુરુવારે ત્રીજા દિવસે જમ્મુ અને કાશ્મીર પોતાની પહેલી ઈનિંગમાં 584 રનમાં ઓલઆઉટ થયા પછી યજમાન ટીમને પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટે 220 રન સુધી જ પહોંચી હતી. નબીએ 14 ઓવરમાં ૩૨ રન આપીને ત્રણ વિકેટ લીધી. તેણે સતત નવ ઓવર ફેંકીને ભારતીય ક્રિકેટના કેટલાક મોટા નામોને મુશ્કેલીમાં મુક્યા.

નબીએ પહેલા લોકેશ રાહુલને આઉટ કર્યો પછી બે બોલમાં બે વિકેટ લઈને કર્ણાટકને વધુ મુશ્કેલીમાં મુકી દીધું હતું. તેણે કરુણ નાયરને ઈન સ્વિંગિંગ બોલથી બોલ્ડ કર્યો અને પછીના જ બોલે ફોર્મમાં ચાલી રહેલા સ્મરણ રવિચંદ્રનને આઉટ કર્યો. અનુભવી મયંક અગ્રવાલે મજબૂત રક્ષણાત્મક તકનીકનું પ્રદર્શન કરીને નોટઆઉટ 130 રન સાથે અંતિમ સત્રમાં એક છેડો પકડી રાખ્યો હતો. અગ્રવાલની ઈનિંગ છતાં, કર્ણાટક પ્રથમ ઈનિંગના આધારે 364 રન પાછળ છે અને ફોલોઓન ટાળવા માટે તેને વધુ 165 રનની જરૂર છે. ૧૯૫૯-૬૦માં રણજી ટ્રોફીની શરૂઆત પછી જમ્મુ અને કાશ્મીર પહેલી વાર ફાઈનલમાં પહોંચ્યું છે. નબીએ આખી સિઝન દરમિયાન ટીમ માટે શાનદાર પ્રદર્શન કર્યું અને વર્તમાન સિઝનમાં તેની વિકેટોની સંખ્યા 58 થઈ ગઈ છે, જે ઉત્તરાખંડના સ્પિનર મયંક મિશ્રાની 59 વિકેટ કરતાં માત્ર એક વિકેટ ઓછી છે.

## વેસ્ટઇન્ડિઝને હરાવી દક્ષિણ આફ્રિકા સેમી ફાઇનલમાં પ્રવેશવાની નજીક

**83** રનમાં સાત વિકેટ ગુમાવનાર વેસ્ટઇન્ડિઝે હોલ્ડર-શેફર્ડની ભાગીદાગીથી 176 રન બનાવ્યા

**માર્કરમની** નોટઆઉટ અર્ધસદીથી દક્ષિણ આફ્રિકા 16.1 ઓવરમાં એક વિકેટે લક્ષ્યાંક આંબી લીધો



અમદાવાદ, તા. 26 (પીટીઆઇ) : દક્ષિણ આફ્રિકાએ ગુરુવારે અહીં સુપર આઠ મેચમાં કેપ્ટન એડન માર્કરમની નોટઆઉટ અડધી સદી અને તેની બે ભાગીદારીને કારણે વેસ્ટ ઈન્ડિઝને નવ વિકેટથી હરાવીને ટી-20 વર્લ્ડકપની સેમી ફાઈનલમાં પોતાનું સ્થાન લગભગ નિશ્ચિત કરી લીધું છે. દક્ષિણ આફ્રિકાએ શાનદાર બોલિંગ પ્રદર્શન બાદ શાનદાર બેટિંગ પ્રદર્શન પણ કર્યું. તેમની ઉત્તમ રણનીતિને કારણે, ટીમે તેનો વિજય ક્રમ જાળવી રાખ્યો. આ તેમનો સતત છઠ્ઠો વિજય હતો, તેમની જીતથી ટુર્નામેન્ટમાં વેસ્ટ ઈન્ડીઝના અજેય ક્રમનો અંત કર્યો હતો અને યજમાન ભારતની ક્વોલિફિકેશનની આશાઓ વધી ગઈ હતી.

આ હારથી કેરેબિયન ટીમના નેટ રન રેટ પર અસર પડી, જે 5.350 થી ઘટીને 1.791 થઈ ગયો. દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરોએ પહેલા બે વખતના ચેમ્પિયન વેસ્ટ ઈન્ડીઝના બેટિંગ ક્રમને હચમચાવી દીધો હતો અને 83 રનમાં તેમણે સાત વિકેટ ગુમાવી દીધી હતી, જો કે નીચલા ક્રમના બેટ્સમેન રોમારિયો શેફર્ડના નોટઆઉટ 52 અને 49 રન કરનારા જેસન હોલ્ડર વચ્ચેની આઠમી વિકેટની 57 બોલમાં 89 રનની વિક્રમી ભાગીદારીને કારણે વેસ્ટઇન્ડિઝે આઠ વિકેટે 176 રન બનાવ્યા.

દક્ષિણ આફ્રિકાએ કેપ્ટન માર્કરમના 46 બોલમાં સાત ચોગ્ગા, ચાર છગ્ગા સાથેના નોટઆઉટ 82 રન અને 47 રન કરનારા ક્વિન્ટન ડી કોક સાથે પ્રથમ વિકેટ માટે 7.5 ઓવરમાં 95 રનની અને 45 રને નોટઆઉટ રહેલા રાયન રિકેલ્ટન સાથે બીજી વિકેટ માટે 50 બોલમાં 82 રનની નોટઆઉટ ભાગીદારીની મદદથી 16.1 ઓવરમાં એક વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

| વેસ્ટઇન્ડિઝ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| કિંગ કો.ડિ કોક બો.એન્ગીડી | 21 | 11 | 5 | 0 |
| હોપ કો.ડિ કોક બો.રબાડા | 16 | 6 | 1 | 2 |
| હેટમાયર કો.મહારાજ બો.રબાડા | 2 | 3 | 0 | 0 |
| પોવેલ કો.બ્રેવિસ બો.એન્ગીડી | 9 | 11 | 1 | 0 |
| ચેઝ બો.એન્ગીડી | 2 | 2 | 0 | 0 |
| રધરફોર્ડ કો.ડિ કોક બો.બોશ | 12 | 10 | 0 | 1 |
| હોલ્ડર રનઆઉટ | 49 | 31 | 4 | 3 |
| ફોર્ડ કો.રિકલ્ટન બો.બોશ | 11 | 9 | 1 | 1 |
| શેફર્ડ નોટઆઉટ | 52 | 37 | 3 | 4 |
| મોતી નોટઆઉટ | 0 | 0 | 0 | 0 |
| વધારાના | 2 | | | |
| કુલ (20 ઓવરમાં આઠ વિકેટે) | 176 | | | |

વિકેટપતન : 1/29, 2/31, 3/41, 4/43, 5/60, 6/71, 7/83, 8/172

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| કેશવ મહારાજ | 4 | 0 | 43 | 0 |
| માર્કો યાન્સન | 4 | 0 | 50 | 0 |
| કગિસો રબાડા | 4 | 0 | 22 | 2 |
| લુંગી એન્ગીડી | 4 | 0 | 30 | 3 |
| કોર્બિન બોશ | 4 | 0 | 31 | 2 |

| દક્ષિણ આફ્રિકા | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| માર્કરમ નોટઆઉટ | 82 | 46 | 7 | 4 |
| ડિ કોક કો.હોલ્ડર બો.ચેઝ | 47 | 24 | 4 | 4 |
| રિકલ્ટન નોટઆઉટ | 45 | 28 | 4 | 2 |
| વધારાના | 3 | | | |
| કુલ (16.1 ઓવરમાં એક વિકેટે) | 177 | | | |

વિકેટપતન : 1/95

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મેથ્યુ ફોર્ડ | 3 | 0 | 30 | 0 |
| રોમારિયો શેફર્ડ | 2 | 0 | 22 | 0 |
| જેસન હોલ્ડર | 3.1 | 0 | 31 | 0 |
| શેમાર જોસેફ | 2 | 0 | 24 | 0 |
| ગુડાકેશ મોતી | 2 | 0 | 24 | 0 |
| રોસ્ટન ચેઝ | 4 | 0 | 46 | 1 |

### હોલ્ડર-શેફર્ડે ટી-20માં આઠમી વિકેટની સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ કર્યો



અમદાવાદ, તા. 26 : ટી-20 વર્લ્ડકપમાં આજે અહીં રમાયેલી ગ્રુપ 1ની સુપર એઇટ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે 83 રનમાં સાત વિકેટ ગુમાવીને ડામડોળ સ્થિતિમાં મુકાયેલા વેસ્ટઇન્ડિઝ વતી રોમારિયો શેફર્ડ અને જેસન હોલ્ડરે ટી20 ઇન્ટરનેશનલમાં આઠમી વિકેટ માટે સૌથી વધુ ભાગીદારીનો નવો રેકોર્ડ બનાવ્યો હતો. આ જોડીએ 59 બોલમાં 89 રનની આશ્ચર્યજનક ભાગીદારી નોંધાવી હતી. તેમણે 2022ના વર્લ્ડકપમાં નામિબિયાના રુબેન ટ્રમ્પેલમેન અને ડેવિડ વિઝે આઠમી વિકેટની કરેલી 70 રનની ભાગીદારીનો રેકોર્ડ તોડ્યો હતો.

#### ટી-20 વર્લ્ડકપમાં આઠમી વિકેટની સર્વાધિક ભાગીદારી

| ખેલાડીની જોડી | દેશ | હરીફ | સ્થળ | ભાગીદારી | વર્ષ |
|---|---|---|---|---|---|
| હોલ્ડર-શેફર્ડ | વેસ્ટઇન્ડિઝ | દ.આફ્રિકા | અમદાવાદ | 89 | 2026 |
| ડેવિડ વિસે-ટ્રમ્પલમેન | નામિબીયા | યુએઇ | ગીલોંગ | 70 | 2022 |
| મોઇન અલી-ડેવિડ વીલી | ઇંગ્લેન્ડ | અફઘાનિસ્તાન | દિલ્હી | 57* | 2016 |

#### ટી-20 ઇન્ટરનેશનલમાં આઠમી વિકેટની સર્વાધિક ભાગીદારી

| ખેલાડીની જોડી | દેશ | હરીફ | સ્થળ | ભાગીદારી | વર્ષ |
|---|---|---|---|---|---|
| હોલ્ડર-શેફર્ડ | વેસ્ટઇન્ડિઝ | દ.આફ્રિકા | અમદાવાદ | 89 | 2026 |
| મોમસેન-શરીફ | સ્કોટલેન્ડ | નેધરલેન્ડ | એડિનબર્ગ | 80 | 2015 |
| રાઉલ શર્મા-અમજદ | સિંગાપોર | કંબોડીયા | ફનોમ પેન્હ | 75 | 2023 |
| મડાન્ડે-મસાકંદ્ઝા | ઝિમ્બાબ્વે | બાંગ્લાદેશ | ચત્તોગ્રામ | 75 | 2024 |
| ડોકરેલ-એફ હેન્ડ | આયર્લેન્ડ | અફઘાનિસ્તાન | બેલફાસ્ટ | 74 | 2022 |

## ઈંગ્લેન્ડ સામે આજે ન્યુઝીલેન્ડની નજર સેમી ફાઇનલ પર

**કોલંબોની** પીચ પર ન્યૂઝીલેન્ડના સ્પિનરો દ્વારા ઇંગ્લેન્ડના બેટ્સમેનોની કસોટી થઇ શકે

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

કોલંબો, તા. 26 (પીટીઆઇ) : પોતાના સ્પિનરોના જોરે છેલ્લી મેચમાં શ્રીલંકા સામે મોટી જીત નોંધાવનાર ન્યુઝીલેન્ડ શુક્રવારે અહીં રમાનારી ટી-20 વર્લ્ડકપની સુપર આઠ મેચમાં ઈંગ્લેન્ડ સામે પોતાનું સારું પ્રદર્શન ચાલુ રાખીને સેમી ફાઈનલમાં સ્થાન મેળવવાનો પ્રયાસ કરશે. ઈંગ્લેન્ડે પોતાની બંને મેચ જીતીને સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે, પરંતુ આ મેચ તેમના માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે તેનાથી ગ્રુપમાં ટોચ પર રહેનારી ટીમનો પણ નિર્ણય થશે. શ્રીલંકા સામે 61 રનની શાનદાર જીતથી નેટ રન રેટ 3.050 સાથે ન્યુઝીલેન્ડ સેમી ફાઈનલમાં પ્રવેશવાની નજીક પહોંચી ગયું છે. તેમને ફક્ત એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે જો તેઓ ઈંગ્લેન્ડ સામે હારી જાય, તો તેમની હારનો માર્જિન ન્યૂનતમ રહે. ઈંગ્લેન્ડ સામે હાર્યા બાદ, પાકિસ્તાનનો નેટ રન રેટ માઈનસ 0.461 થઈ ગયો છે. નેટ રન રેટ પર ન્યુઝીલેન્ડને પાછળ છોડી દેવા માટે, તેમને કિવીઝની કારમી હાર માટે પ્રાર્થના કરવી પડશે અને તેમની અંતિમ સુપર આઠ મેચમાં શ્રીલંકાને મોટા માર્જિનથી હરાવવું પડશે. પરંતુ ન્યુઝીલેન્ડે સાબિત કર્યું કે તેઓ શ્રીલંકા સામે છ સ્પિનરો સાથે રમવામાં આરામદાયક હતા, જેના કારણે તેમને મોટા માર્જિનથી જીતવામાં મદદ મળી. આ મેચમાં ન્યુઝીલેન્ડના સ્પિનરો અને ઈંગ્લેન્ડના બેટ્સમેન વચ્ચે રસપ્રદ મુકાબલો જોવા મળી શકે છે.

## મુકેશ અંબાણીના ઘરે અર્જુન-સોનિયાના પ્રી-વેડિંગ સેરેમની શરૂ



**જામનગર** સ્થિત ઘરે યોજાયેલી સેરેમનીમાં સચિન તેંદુલકરે લાગણીસભર સ્પીચ આપી

જામનગર, તા. 26 : મહાન ક્રિકેટર સચિન તેંદુલકરના પુત્ર અર્જુનના સોનિયા ચાંડોકના પાંચમી માર્ચે થનારા લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સચિન, તેની પત્ની, અને અર્જુન અને સાનિયા સાથે, અંબાણી પરિવાર સાથે પ્રી વેડિંગ સેરેમની માટે જામનગર પહોંચ્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સે આ પ્રસંગનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.

તેંદુલકર પરિવારે ઉજવણીની શરૂઆત એ જ સ્થળે પૂજા સાથે કરી હતી જ્યાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન થયા હતા. સચિનના આખા પરિવારની સાથે સાનિયા ચાંડોકનો પરિવાર પણ મુકેશ અંબાણીના ઘરે ગયો હતો. નીતા અંબાણી વીડિયોમાં કહે છે કે અમે અહીં એ જ જગ્યાએ ભેગા થયા છીએ જ્યાં બે વર્ષ પહેલાં અનંત અને રાધિકાના લગ્ન થયા હતા. સચિન અને અંજલિ, તમે હંમેશા અમારા માટે પરિવાર જેવા રહ્યા છો, અને આજે તમારી ખુશીમાં ભાગ લેવાથી અમારું હૃદય ભરાઈ જાય છે. સચિને આ પ્રસંગે અંબાણી પરિવારનો આભાર માન્યો. તેણે કહ્યું, આ દંપતીને તેમની આગળની સફર માટે આશીર્વાદ આપવા માટે આનાથી વધુ સારી જગ્યા અને સારા લોકો પસંદ ન થઈ શક્યા હોત. અમને અહીં લાવવા બદલ ખૂબ ખૂબ આભાર.

## ચેમ્પિયન્સ લીગ: વિનિસિયસના ગોલથી રીઅલ મેડ્રિડની આગેકૂચ

**પીએસજી** અને એટલાન્ટા પણ આગામી રાઉન્ડમાં પહોંચ્યા, યૂવેન્ટ્સ મેચ જીતવા છતાં બહાર



મેડ્રિડ, તા. 26 (એપી) : ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટમાં વિનિસિયસ જુનિયરે બુધવારે બેનફિકા સામે ફરી ગોલ કરતાં રિયલ મેડ્રિડ અંતિમ 16માં પહોંચી ગયું હતું. આ તરફ મોનાકોને હરાવીને ડિફેન્ડિંગ ચેમ્પિયન પેરિસ સેન્ટ-જર્મન (પીએસજી) પણ પ્લેઓફમાં આગળ વધ્યું, જ્યારે એટલાન્ટાએ બોરુસિયા ડોર્ટમંડ સામે છેલ્લી ઘડીએ ગોલ કરીને સ્પર્ધામાં ઈટાલીની ભાગીદારી જાળવી રાખી. પરંતુ યૂવેન્ટસ બીજા તબક્કામાં વાપસી કરવામાં નિષ્ફળ જતાં ગાલાટાસરાય સામે મેચ તો જીત્યું પણ બંને તબક્કા મળીને 5-7થી હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું.

બેનફિકા સામેના પ્રથમ લેગમાં વિજયી ગોલ કર્યા પછી વિનિસિયસે વંશીય દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો હતો. તેણે આ ઘટનાને પાછળ છોડીને વાપસી કરી સેન્ટિયાગો બર્નાબેઉ સ્ટેડિયમ ખાતે 80મી મિનિટે પોતાની ટીમનો બીજો ગોલ કરીને રીઅલ મેડ્રિડને બીજા લેગમાં 2-1થી જીતાડીને 1-0થી પ્રથમ લેગ જીતનાર પોર્ટુગીઝ ટીમ પર 3-1થી એકંદર વિજય મેળવ્યો હતો.

બીજા તબક્કાની મેચ 2-2થી ડ્રો રહ્યા બાદ પીએસજીએ મોનાકોને કુલ 3-2થી હરાવીને પોતાની ટાઇટલની આશા જીવંત રાખી. યૂવેન્ટસ બીજા લેગમાં ગાલાટાસરાય સામે 3-2થી મેચ જીત્યું પણ તેનો કુલ સ્કોર 5-7 હતો. એટલાન્ટાએ બીજા લેગમાં ડોર્ટમંડ સામે 4-1થી જીત મેળવી અને આમ 4-3ના કુલ સ્કોર સાથે આગલા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

## અનુસંધાન... પાના પહેલાનું

### CBIએ અનિલ અંબાણી...

જાહેર કરવામાં આવ્યું હતું. જો કે, અનિલ અંબાણી દ્વારા બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીને કારણે આ ખાતાઓને 'ફ્રોડ' જાહેર કરવા પર સ્ટે હતો. આ સ્ટે 23.02.2026ના રોજ હટાવી લેવામાં આવ્યો હતો, ત્યારબાદ બેંક ઓફ બરોડાએ ફરિયાદ નોંધાવી અને સીબીઆઈએ તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. કંપની તરફથી હજુ સુધી કોઈ તાત્કાલિક પ્રતિક્રિયા મળી નથી. બેંક ઓફ બરોડાએ પોતાની ફરિયાદમાં અંબાણી અને RCOM પર મંજૂર કરાયેલા હેતુઓથી વિપરીત ઉછીના લીધેલા ભંડોળનો વ્યવસ્થિત દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો છે. અંબાણી અને RCOM પર નાણાકીય સ્થિતિને ખોટી રીતે રજૂ કરવા માટે હિસાબી ચોપડાઓમાં હેરાફેરી, લોનની રકમ અન્યત્ર વાળવી અને ફંડના અસલી પ્રવાહને છુપાવવા માટે રિસાયકલિંગ અને લેયરિંગ કરવાનો પણ આરોપ છે.

### મોદી સાથેની ડીનર...

પ્રતીક તરીકે ગણાવી હતી. ઇઝરાયેલના વડાપ્રધાને 'X' પર હિન્દીમાં પોસ્ટ કરતા લખ્યું, "અમારા સંયુક્ત રાત્રિભોજન પહેલાં, મેં પરંપરાગત ભારતીય પોશાક પહેરીને મારા મિત્ર વડાપ્રધાન મોદીને આશ્ચર્યચકિત કર્યા."આ પોસ્ટમાં બંને દેશોના ધ્વજના આઇકોન પણ મૂકવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વાતનો પ્રતિસાદ આપતા 'X' પર લખ્યું, બહુત હી શાનદાર! ભારતીય પોશાક પ્રત્યેનો તમારો લગાવ અમારા દેશની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યેનો તમારો આદર દર્શાવે છે. આ સંદેશને નેતન્યાહુની ભારતીય પોશાકની પસંદગીના ઉષ્માભર્યા સ્વીકાર તરીકે જોવામાં આવ્યો હતો.

### ભારત-ઈઝરાયેલ સંબંધો...

તેમણે આતંકવાદ સામે લડવા માટે બંને દેશોના સંયુક્ત સંકલ્પ વિશે વાત કરતા કહ્યું કે, ભારત અને ઈઝરાયેલ બિલકુલ સ્પષ્ટ છે કે વિશ્વમાં આતંકવાદ માટે કોઈ સ્થાન નથી. કોઈપણ સ્વરૂપમાં આતંકવાદ સહન કરી શકાય નહીં. અંતમાં, નેતન્યાહુએ જણાવ્યું કે ભવિષ્ય તેમનું છે જેઓ ઇનોવેશન (નવીનતા) કરે છે અને ભારત-ઈઝરાયેલ સાથે મળીને વધુ સારું ભવિષ્ય બનાવવા માટે મક્કમ છે.

### મની લોન્ડરિંગ કેસમાં...

ઓગસ્ટ ૨૦૨૫માં ED દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. આ તપાસ તેમની ગ્રુપ કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM) દ્વારા આચરવામાં આવેલી કથિત રૂ. ૪૦,૦૦૦ કરોડથી વધુની બેંક છેતરપિંડી સાથે સંબંધિત છે. ED એ આ તપાસના ભાગરૂપે જાન્યુઆરીમાં RCOM ના ભૂતપૂર્વ પ્રમુખ પુનિત ગર્ગની ધરપકડ કરી હતી. એજન્સીએ અગાઉ દાવો કર્યો હતો કે લોન્ડરિંગ કરાયેલા ભંડોળને RCOM ની અનેક વિદેશી પેટાકંપનીઓ અને ઓફશોર કંપનીઓ દ્વારા ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. અનિલ અંબાણી અને તેમની ઘણી ગ્રુપ કંપનીઓ લોન છેતરપિંડીના આરોપોનો સામનો કરી રહી છે, અને ED એ તાજેતરમાં આ તમામ કિસ્સાઓની તપાસ કરવા માટે એક વિશેષ તપાસ ટીમ(SIT) ની રચના કરી છે. આ SIT ની રચના સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્દેશો પર કરવામાં આવી હતી. ED એ બુધવારે મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ અંબાણીનું મુંબઈનું ઘર 'એબોડ' ટાંચમાં લીધું હતું, જેની કિંમત રૂ. ૩,૭૧૬ કરોડ છે. ED દ્વારા સર્વોચ્ચ અદાલતને આપવામાં આવેલી માહિતી મુજબ, તેણે બેંક લોન છેતરપિંડી અને અન્ય નાણાકીય ગેરરીતિઓના આરોપોની તપાસ કરવા માટે અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (ADAG) વિરુદ્ધ મની લોન્ડરિંગના ત્રણ કેસ દાખલ કર્યા છે.

### દિલ્હી ડાયરી...

'નૌવેલ ક્વિઝીન' (આધુનિક શાકાહારી ભોજન) પચાવવું અઘરું લાગે છે. સેશેલ્સના રાષ્ટ્રપતિના રાત્રિભોજનમાં મુખ્ય વાનગી તરીકે ગુજરાતી બટાકાનું શાક, શેકેલા રીંગણ, પનીર અને મશરૂમ હતા. મેનૂ કાર્ડમાં અથાણાંના વર્ણનો ઉમેરીને વાનગીઓની અછતને છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**રાજકારણના અખાડામાં જિયુ-જિત્સુના દાવપેચ**

જ્યારે રાહુલ ગાંધીએ લોકસભામાં બજેટ પર પોતાનું ભાષણ શરૂ કર્યું ત્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓના ચહેરા પર ચિંતા દેખાતી હતી.

### અમેરિકા-ઇરાન...

કરશે, તો આ પ્રદેશમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને કાયદેસરના લક્ષ્યાંક ગણવામાં આવશે, જે હજારો અમેરિકન સૈનિકોને જોખમમાં મૂકી શકે છે. ઈરાને ઈઝરાયેલ પર પણ હુમલો કરવાની ધમકી આપી છે, જેનો અર્થ છે કે સમગ્ર મધ્ય પૂર્વમાં ફરીથી પ્રાદેશિક યુદ્ધ ફાટી નીકળી શકે છે. બુધવારે જીનીવા જવા રવાના થતા પહેલા 'ઈન્ડિયા ટુડે' ને આપેલા ઈન્ટરવ્યુમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે, આમાં કોઈની જીત થશે નહીં - તે એક વિનાશક યુદ્ધ હશે. અમેરિકાના સૈન્ય મથકો આ ક્ષેત્રમાં વિવિધ સ્થળોએ પથરાયેલા હોવાથી, કદાચ આખું ક્ષેત્ર તેમાં સંડોવાઈ જશે, જે એક ખૂબ જ ભયાનક દૃશ્ય હશે. જીનીવા મંત્રણા એ જૂનના યુદ્ધ પછીની ત્રીજી બેઠક છે. બંને પક્ષો વચ્ચે ગયા વર્ષે વાટાઘાટોના અનેક રાઉન્ડ યોજાયા હતા જે ત્યારે નિષ્ફળ ગયા જ્યારે ઈઝરાયેલે જૂન મહિનામાં ઈરાન વિરુદ્ધ 12 દિવસનું યુદ્ધ શરૂ કર્યું હતું અને અમેરિકાએ તેના પરમાણુ મથકો પર ભારે હુમલા કર્યા હતા. આ હુમલાઓએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું, જો કે નુકસાનની સંપૂર્ણ વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી.